જન્મદિને વધામણી

ડો. જિગર સુરેશભાઈ રત્નોત્તર
તબીબ, સિવિલ હોસ્પિટલ, ગાંધીનગર
મો. ૮૯૦૫૨ ૯૦૦૫૨

પૂર્વા દિપનભાઈ ત્રિવેદી
મો. ૯૯૦૪૧ ૫૮૬૫૮

દેવાંગ બી ઠાકોર

દિનેશભાઈ શિવરામભાઈ પરમાર
સમાજસેવક
મો. ૯૯૧૩૫ ૯૮૯૭૪

રીયા ડી ગાંધી
મો. ૯૯૭૯૮ ૬૮૧૩૪

તન્વી ડી ગાંધી
મો. ૯૯૭૯૮ ૬૮૧૩૪

ગાંધીનગરમાં નિર્માણાધિન 'બેટી બચાવો' વિષયક દસ્તાવેજી ફિલ્મ : થેંક્યુ પપ્પા

છેલ્લા બે દિવસથી ગાંધીનગરના પાદરે સરગાસણ ગામમાં એક દસ્તાવેજી ફિલ્મનું શૂટીંગ ચાલી રહ્યું છે, જેમાં ગાંધીનગરના નામી-અનામી કલાકારો ભાગ લઈ રહ્યા છે, કેટલાક કલાકારો તો પ્રથમ વખત કૅમેરા સામે આવી રહ્યા છે. 'બેટી બચાવો, બેટી પઢાવો' વિષયે કૃણાલ વ્યાસ નિર્મિત-અભિનિત આ દસ્તાવેજી ફિલ્મનું શિર્ષક છે 'થેંક્યુ પપ્પા'. કૃણાલ વ્યાસના વિચારબીજ પરથી કથા ડૉ. પ્રણવ જોષીપુરા અને સંવાદ તથા ગીત લેખન ધ્વનિલ પારેખ દ્વારા કરાયું છે. સંગીત આપ્યું છે દુર્ગેશ મહેતાએ. જયેશ પંચોલી દિગ્દર્શિત-અભિનિત આ ફિલ્મમાં પ્રકાશ લાલા, પ્રાંજલ ભટ્ટ, જનક ઠક્કર, હિરેન ભટ્ટ, ભવ્યા શાહ, તન્વી રાવલ, ઊર્વી વ્યાસ, ખુશી જોષી, હેતલ યાદવ, રાજન શાહ, મુંજાલ રાવલ ઉપરાંત બાળ કલાકાર શર્વી વ્યાસ, ધ્યાન પારેખ અને હિનમ પ્રજાપતિ અભિનયનાં અજવાળાં પાથરી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે તમામ કલાકારોએ આ ફિલ્મ માટે કોઈપણ પ્રકારનું મહેનતાણું લીધું નથી. ફોટોગ્રાફી નિકુમ ગજ્જર અને હિમાંશુ પ્રજાપતિ દ્વારા કરાઈ છે અને પ્રૉડક્શન મૅનેજર તરીકે લલિત પુજારા કાર્ય કરી રહ્યા છે. **(તસવીર : કશ્યપ નિમાવત)**

મનોરંજન

સિટી પ્લસ

સ્ક્રીન-૨
તેરા સુરૂર
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૧૦..
સ્ક્રીન-૩
લંડન હૅઝ ફૉલન (અંગ્રજી)
૫.૦૦
લંડન હૅઝ ફૉલન (હિન્દી)
૧.૦૦
જય ગંગાજલ
૩.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
સ્ક્રીન-૪
જય ગંગાજલ
સવારે ૧૦.૦૦
નીરજા
૧.૦૦, ૭.૧૫
શૂરવીર
૪.૦૦, ૧૦.૦૦
સ્ક્રીન-૫
તેરા સુરૂર
સવારે ૧૦.૦૦
જય ગંગાજલ
૧૨.૩૦

ચિત્રલેખા દ્વારા 'મિસિસ ગુજરાત' સ્પર્ધાની ઘોષણા

સ્પર્ધા માટે ઉમેદવારી કરવાની સમયમર્યાદા પચીસ માર્ચ સુધી : ૧૮થી ૪૦ વર્ષની વય ધરાવતી ગુજરાતમાં રહેતી પરિણીત મહિલાઓ ભાગ લઈ શકશે

અમદાવાદ, તા. ૧૧

ગુજરાતી પ્રકાશન ક્ષેત્રે પ્રતિષ્ઠિત નામ ગણાતા ચિત્રલેખા સામયિકે ચિત્રલેખા મિસીસ ગુજરાત - ૨૦૧૬ના પ્રારંભની જાહેરાત કરી છે.

આ સૌંદર્યસ્પર્ધા આધુનિક ગુજરાતી નારીની પ્રતિભા તથા એનાં બહુમુખી પાસાંના ઉત્સવ સમાન છે. સ્પર્ધા માટે ૧૧ માર્ચથી એન્ટ્રીઝ મગાવવાની શરૂઆત કરવામાં આવી છે. આ સ્પર્ધામાં ગુજરાતમાં રહેતી પરિણીત (છૂટાછેડા લીધા હોય, પતિથી અલગ થઈ હોય કે વિધવા હોય તેવી પણ) સ્ત્રીઓને પોતાના સૌંદર્ય અને પ્રતિભા દર્શાવવા માટે મંચ પૂરું પાડવામાં આવશે. ઉપરાંત, આ સ્પર્ધામાં સ્પર્ધકોને પોતાના આત્મવિશ્વાસ અને મોહકતા સાથે બુદ્ધિ અને સૌંદર્યનું ઐક્ય સાધવાની ક્ષમતા બદલ નવાજવામાં પણ આવશે. ચિત્રલેખા મિસીસ ગુજરાત-૨૦૧૬ સ્પર્ધાનો ફેસ છે જાણીતી અભિનેત્રી અને પૂર્વ મિસ ઇન્ડિયા-વર્લ્ડ સાયલી ભગત. સ્પર્ધા માટે ચિત્રલેખાએ ગુજરાતમાં રહેતી ૧૮થી ૪૦ વર્ષની વયની પરિણીત સ્ત્રીઓ પાસેથી એન્ટ્રીઝ મગાવી છે. એન્ટ્રી મોકલવાની છેલ્લી તારીખ પચીસમી માર્ચ છે. એન્ટ્રીઝમાં શૉર્ટ લિસ્ટ થયેલી સ્પર્ધકો માટે ઓડિશન્સ અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત જેવાં શહેરોમાં યોજાશે. શ્રેષ્ઠ દેખાવ કરનાર કુલ ૨૧ મહિલાઓને ફાઈનલ રાઉન્ડ માટે પસંદ કરી તેમને અમદાવાદ ખાતે નિષ્ણાતોની દેખરેખ હેઠળ સઘન તાલીમ આપવામાં આવશે. આ ગાળામાં ચાર મિની સ્ટાઈલ રાઉન્ડ પણ યોજાશે અને સ્પર્ધાનો ગ્રાન્ડ ફિનાલે અમદાવાદ ખાતે ૨૩મી એપ્રિલે યોજવામાં આવશે.

૨૮મી માર્ચથી શરૂ થતી પરીક્ષાઓ હવે ૧૨મી એપ્રિલથી લેવાશે

ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષાઓ પાછી ઠેલાઈ

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાત યુનિવર્સિટી દ્વારા આર્ટસ,કોમર્સ અને સાયન્સ પ્રવાહના સેમેસ્ટર ૨,૪ અને ૬ની તમામ પરીક્ષાઓ ૨૮મી માર્ચથી લેવાની જાહેરાત કરાઈ હતી, જે હવે ૧૨મી એપ્રિલે લેવામાં આવશે.

જાણવા મળે છે કે આ પરીક્ષા જાહેર થયા બાદ એબીવીપી અને એનએસયુઆઈ દ્વારા પરીક્ષા પાછળ લઈ જવા માટે સતત રજૂઆતો કરાઈ હતી. જેના પરિણામ સ્વરૂપે કુલપતિએ આ પરીક્ષા પાછળ લઈ જવાની જાહેરાત કરવી પડી છે. હવે પછી આ પરીક્ષા એપ્રિલના બીજા સપ્તાહમાં એટલે કે ૧૨મીથી લેવાનું નક્કી કરાયું છે. યુનિવર્સિટી દ્વારા અગાઉ પણ સેમેસ્ટર ૧,૩ અને ૫ની પરીક્ષા જાહેર કર્યા બાદ વિદ્યાર્થીઓએ હોબાળો મચાવ્યો હતો. જેથી પરીક્ષા પાછળ લઈ જવી પડી હતી.

આ વખતે યુનિવર્સિટી દ્વારા પરીક્ષા જાહેર કરાતાંની સાથે જ એબીવીપી અને અને એનએસયુઆઈએ વિરોધ શરૂ કરી દીધો હતો. વિદ્યાર્થીઓને વાંચન માટે પુરતો સમય મળ્યો ન હોવાની રજૂઆત સાથે અભ્યાસના દિવસો પુરા થતાં ન હોવાની રજૂઆત આ વિદ્યાર્થી સંગઠનો દ્વારા કરવામાં આવી હતી. પરીક્ષા પાછી ઠેલવા બાબતે કુલપતિની નામરજી છતાં વિદ્યાર્થી સંગઠનોએ પોતાની જીદ ચાલુ રાખી હતી. છેવટે એબીવીપી દ્વારા કુલપતિને ત્રણ દિવસનું અલ્ટિમેટમ પણ આપવામાં આવ્યું હતું. જેના પગલે કુલપતિએ આખરે પરીક્ષા પાછળ ઠેલવાનો નિર્ણય જાહેર કર્યો હતો.

વિશિષ્ટ ખેલ મહાકુંભમાં નવજીવન ટ્રસ્ટના ખેલવીરો વિજેતા

ગાંધીનગર, તા. ૧૧

જિલ્લા અને રાજ્ય કક્ષાએ આયોજિત વિશિષ્ટ ખેલ મહાકુંભમાં શ્રી નવજીવન સાર્વજનિક એજ્યુકેશન ટ્રસ્ટ, ગાંધીનગરના ખેલવીરો વિજેતા બન્યા હતા, જેમને સંસ્થા તરફથી બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

જિલ્લાકક્ષાએ પ્રથમ ક્રમે વિજેતા ખેલવીરો : દૃષ્ટિક્ષતિ વિભાગ

ખેલવીર	રમત	પ્રશિક્ષક
સિધ્ધરાજ ભવાનજી ઠાકોર	બરછી ફેંક	વર્ષાબેન લખતરીયા
ધર્મિષ્ઠા નવીનભાઈ ભાવસાર	બરછી ફેંક	હિતેન પટેલ
જિતેન્દ્ર સોમાભાઈ ચૌધરી	બરછી ફેંક	સુરેન્દ્રસિંહ ચાવડા
રાકેશ બદાજી ઠાકોર	લાંબો કૂદકો	ચિનુભાઈ ભરવાડ
અજય લાલાજી ઠાકોર	ગોળા ફેંક	દશરથસિંહ ચાવડા
જિતેન્દ્ર સોમાભાઈ ચૌધરી	ગોળા ફેંક	વિશ્વાસ મિસ્ત્રી
સિધ્ધરાજ ભવાનજી ઠાકોર	ચક્ર ફેંક	જિતેન્દ્ર ગોહેલ
મિતેષ અરવિંદભાઈ વાળંદ	ચક્ર ફેંક	વિક્રમસિંહ ચાવડા

રાજ્યમાં પ્રથમ ક્રમે વિજેતા ખેલવીરો : માનસિક વિશિષ્ટ વિભાગ

ખેલવીર	રમત	પ્રશિક્ષક
ચાર્મી પ્રકાશભાઈ પટેલ	૨૦૦ મી દોડ	પ્રકાશ ગોસ્વામી
સંદિપ રાજુજી ચાવડા	૫૦૦ મી દોડ	ભોળાભાઈ પટેલ
ગિરીશ ભરતભાઈ પટેલ	૧૦૦ મી વૉક	વિરેન્દ્ર ભટ્ટ
ઉર્વિ અતુલભાઈ રાવળ	૧૦૦ મી વૉક	વિરેન્દ્ર ભટ્ટ

સ્ટાર્ટ અપની તંત્ર વ્યવસ્થામાં દરેક સહયોગી માટે વૃધ્ધિની તકો

એવા સમયે કે જ્યારે સ્ટાર્ટઅપની તંત્ર વ્યવસ્થા વ્યાપક બનતી જાય છે ત્યારે ટાઈ અમદાવાદ દ્વારા અમદાવાદ ખાતે તાજેતરમાં સૌથી મોટી નેટવર્કીંગ કોન્ફરન્સનું આયોજન કરાયું હતું. ટાઈકોન અમદાવાદ ૨૦૧૬માં શ્રોતાઓને સંબોધન કરતાં નાસ્કોમના પ્રેસિડેન્ટ શ્રી આર.ચંદ્રશેખરે જણાવ્યું હતું કે સ્ટાર્ટઅપનું મોડલ, તેની તંત્ર વ્યવસ્થામાં જ દરેક સહયોગી માટે વૃધ્ધિની નોંધપાત્ર તકો સર્જી રહ્યું છે. આ તંત્ર વ્યવસ્થા ગતિમાં છે તથા તેમાં કોર્પોરેટસ અને અન્ય સહયોગીઓનો રસ વધતો જાય છે. વૈશ્વિક સ્તરે પણ સ્ટાર્ટઅપ તેનું સ્તર ઉંચુ લઈ જઈ રહ્યાં છે. તેને પ્રાપ્ત થતું ભંડોળ ૨૦૧૪માં ૨.૨ અબજ ડોલર હતું તે વધીને ૨૦૧૫માં ૪.૯ અબજ ડોલર થઈ ૧૨૫ ટકાના દરે વૃધ્ધિ પામ્યું છે. સ્ટાર્ટઅપની નીતિ અંગે વધુ વાત કરતાં શ્રી ચંદ્રશેખરે કહ્યું કે રાજ્યો ઈન્ક્યુબેશન, રાજ્યના વેરાઓમાં માફી, રોજગારી સાથે જોડાયેલુ એલાઉન્સ, તાલિમ માટે એલાઉન્સ વગેરે ઓફર કરીને સ્ટાર્ટઅપ્સ માટેના ભંડોળમાં વધારો કરી રહ્યાં છે. ૬૬ ટકા સ્ટાર્ટઅપ બેંગલોર, એનસીઆર અને મુંબઈ એમ ૩ શહેરોમાં કેન્દ્રિત થયાં છે. આપણે તેને દેશના અન્ય ખૂણાઓમાં પણ લઈ જવાનાં છે.

ભગિની વિદ્યાલયની ખેલ વીરાંગના ખેલ મહાકુંભમાં જિલ્લા-રાજ્યમાં વિજયી

ગાંધીનગર, તા. ૧૧

ગ્રામ સેવા મંદિર, નારદીપુર સંચાલિત ભગિની વિદ્યાલય, નારદીપુરની ખેલ વિરાંગનાએ જિલ્લા તથા રાજ્ય ખેલ મહાકુંભમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરી ગોલ્ડ મેડલ જિત્યો છે, જેને શાળા પરિવાર તથા કેળવણી મંડળ તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

શાળામાં ધોરણ-૯માં અભ્યાસ કરતી ખેલ વિરાંગના ચાર્મી પ્રકાશભાઈ પટેલે વિશિષ્ટ ખેલ મહાકુંભ અંતર્ગત જિલ્લા અને રાજ્યકક્ષાની સ્પર્ધામાં ૨૦૦ મીટર દોડમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો. ઉલ્લેખનીય છે કે ચાર્મીને તેના વિશિષ્ટ પ્રશિક્ષક પ્રકાશ ગોસ્વામી અને ગાંધીનગર જિલ્લા ગ્રોથ ઍન્ડ ડેવલપમેન્ટ મૅનેજર જિજ્ઞેશ રાવલનું માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું.

ખેરાલુ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ ખાતે ઉત્તર ગુજરાતની નવલકથાકાર ત્રિપુટી વિષયે આજે રાજ્યકક્ષાનો પરિસંવાદ

ગાંધીનગર, તા. ૧૧

ખેરાલુ તાલુકા ઉત્તર વિભાગ કેળવણી મંડળ, ખેરાલુ સંચાલિત ધી ખેરાલુ નાગરિક સહકારી બૅન્ક લિ. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ખેરાલુ અને ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે કૉલેજના સભાગૃહ ખાતે એક દિવસીય રાજ્યકક્ષાના પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું છે.

તા. ૧૨ માર્ચને શનિવારે ૯.૧૫ કલાકથી આરંભાઈ રહેલા આ પરિસંવાદનો વિષય છે : ઉત્તર ગુજરાતની નવલકથાકાર ત્રિપુટી પન્નાલાલ પટેલ, પ્રા. ડૉ. રઘુવીર ચૌધરી અને ડૉ. કેશુભાઈ દેસાઈ.

અકાદમીના ચૅરમૅન ભાગ્યેશ જહા અને કૉલેજના આચાર્ય રછોડભાઈ ચૌધરીએ આ અંગેની વિગતો આપતાં જણાવ્યું છે કે શનિવારે સવારે ૯.૧૫થી ૧૧.૧૫ દરમ્યાન ઉદ્‌ઘાટન બેઠક યોજાશે, જેમાં ઉદ્‌ઘાટક તરીકે પ્રૉ. ડૉ. રઘુવીર ચૌધરી, સમારંભ અધ્યક્ષ તરીકે ખેરાલુ તાલુકા ઉત્તર વિભાગ કેળવણી મંડળના પ્રમુખ મોહનભાઈ દેસાઈ, મુખ્ય મહેમાન તરીકે સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈ, મુખ્ય વક્તા તરીકે સર્જક-વિવેચક પદ્મશ્રી ડૉ. પ્રવીણ દરજી, અતિથિ વિશેષ તરીકે ખેરાલુ નગરપાલિકાના નગરપતિ પ્રેમજીભાઈ એમ દેસાઈ, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, જામનગરના જનરલ મૅનેજર બાબુભાઈ ગણેસભાઈ દેસાઈ ઉપસ્થિત રહેશે.

પ્રથમ બેઠકમાં વક્તા તરીકે પિલવાઈ કૉલેજ ગુજરાતી વિભાગના પ્રા. ડૉ. યશોધર રાવલ, ઈડર કૉલેજ ગુજરાતી વિભાગના અધ્યક્ષ પ્રૉ. રોહિત પંચોલી તથા હિંમતનગર કૉલેજ ગુજરાતી વિભાગના અધ્યક્ષ પ્રૉ. ડૉ. ઉત્પલ પટેલ ઉપસ્થિત રહેશે.

હજી અમારી કરોડરજ્જુ નથી તૂટી

તાજેતરમાં એક મરાઠી ફિલ્મ રજુઆત પામી છે. ફિલ્મ કલારસિકો, ફિલ્મ ચાહકો અને વિવેચકો દ્વારા ખૂબ જ પ્રસંશા પામી છે. આ ફિલ્મમાં મુખ્ય કિરદાર નિભાવે છે મરાઠી રંગભૂમિ અને હિન્દી ફિલ્મ જગત ના સશક્ત અભિનેતા નાના પાટેકર. ફિલ્મના દિગ્દર્શક છે મહેશ માંજરેકર. ફિલ્મનુ શિષક છે "નટસમ્રાટ". આ ફિલ્મ મૂળ મરાઠી નાટક "નટસમ્રાટ" ઉપરથી બની છે. આ નાટક ઉપરથી ગુજરાતી નાટક "અમારી દુનિયા, તમારી દુનિયા" બન્યું હતું જેના મુખ્ય નટ હતા સિધ્ધાથ રાંદેરીયા. મૂળ મરાઠી નાટ્ય લેખક જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા ગજાનન રંગનાથ શિરવાડકર. તેમનુ ઉપનામ હતું "કુસુમાગ્રજ". તેમનું એક સુંદર મરાઠી અછાંદસ કાવ્ય છે. શિર્ષક છે "કણા" (કરોડરજ્જુ). કાવ્યનો ભાવાનુવાદ કંઇક આમ છે.

ચાલુ વરસાદે, માથા પરથી નિતરતું પાણી ને કાદવથી ખરડાયેલાં કપડાં પેહરેલી વ્યકિત એક વડીલ પાસે આવે છે અને કહે છે કે "સાહેબ, ઓળખાણ પડી?" ક્ષણભર બેસે છે. પછી થોડુંક હસે છે ને પછી એ વ્યક્તિ ઉભી થઇને કહે છે "પિયરમાં દીકરી આવે એમ જ ગંગામૈયા (નદી) મારા માળામાં, મારા ઘરમાં મહેમાન બનીને આવી હતી. થોડો સમય ઘરમાં રહીને પાછી ચાલી ગઈ. સાસરેથી દીકરી આવે તો ખાલી હાથે પાછી થોડી જાય? ઘરમાં હતું તે બધું જ લઈ ગઈ. ઘરની દિવાલો પણ તૂટીને બેસી ગઈ. ગંગામૈયા તો ગઈ પણ પ્રસાદરૂપે આંખમાં આંસુનાં બે ટીપાં મૂકતી ગઈ. હવે પત્નીને સાથે લઈને સંજોગો સામે લડતો ફરું છું. કાદવ કિચડ ઉસેડું છું અને પડી ગયેલી ભીંતોને ફરી પાછી ચણવા માટે પ્રયત્ન કરું છું.

કાદવથી ખરડાયેલી વ્યક્તિને આર્થિક મદદ કરવા માટે વડીલે ખીસામાં હાથ નાખ્યો ત્યારે પેલી વ્યક્તિ હસતાં હસતાં બોલી "સાહેબ પૈસા નથી જોઇતા. એકલતા સાલે છે. ઘરનો અસબાબ તણાઈ ગયો છે, ઘર તુટી ગયું છે, પણ હજી મારી કરોડરજ્જુ નથી તૂટી. સાહેબ, તમે મારી પીઠ ઉપર હાથ મૂકીને એટલા આશીર્વાદ આપો કે "લડતો રેહજે".

કેટલીક વ્યક્તિઓ ફિનિક્ષ પક્ષી જેવી હોય છે. ફિનિક્ષ પક્ષી એક પુરાકલ્પન છે. આ અરબસ્તાની પંખીને જ્યારે એવું લાગે છે કે પોતે હવે વૃધ્ધ થઈ ગયું છે અને પોતના જીવનનો અંત હવે નજીક છે, ત્યારે પોતે પોતાની ચેહ (ચિતા) બનાવે છે. લોબાનના વૃક્ષમાં માળારૂપે પોતાની

આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી

ચિતા તૈયાર કરી અને તેમાં પોતે આગ લગાડે છે. આગની જ્વાળાઓમાં પોતે પોતાની જાતને સ્વહા કરી દે છે. ત્રણ દિવસ પછી પોતે પોતાની રાખમાંથી પુનઃ જીવિત થાય છે.

કેટલીક વ્યક્તિઓ પણ આ પ્રકારની જ હોય છે. પોતાનું સર્વસ્વ ગુમાવી દીધું હોય - ગાડી, બંગલા, મકાન , ઘર, દિવાલો, અસબાબ ને ક્યારેક તો સ્વજનો, સ્નેહીજનો અને કુટુંબીજનોને પણ. છતાં આવી વ્યક્તિઓ હિંમત નથી હારતી. પોતાનું બધું જ પડી ગયું હોય , ભાંગીને ભૂક્કો થઈ ગયું હોય, બધું જ ભસ્મીભૂત થઈ ગયું હોય , બધું જ સ્વાહા થઈ ગયું હોય તો પણ આવી વ્યક્તિઓ કહે છે કે હજી અમારી કરોડરજ્જુ નથી ભાંગી, હજી અમે ટટ્ટાર છીએ, હજી અમે હિમ્મત નથી હાર્યા, હજી અમારો આત્મવિશ્વાસ અડગ છે. આવી વ્યક્તિઓ ફિનિક્ષ પક્ષીની જેમ રાખમાંથી, કહો કે રાખને ભેગી કરીને તેમાંથી પોતાના જીવનનું નવસર્જન કરતા હોય છે. આ પ્રકારની વ્યક્તિઓ પોતાનુ સર્વસ્વ ગુમાવી દીધું હોવા છતાં તેઓ કોઈની મદદની મોહતાજ નથી હોતી. તેઓ કોઈની પાસે મદદ માટે હાથ નથી લંબાવતા. તેઓ કોઇ પાસે ભીખ માંગીને પોતાની જાતને નીચી નથી પાડતા. તેઓ લાચાર નથી હોતા પણ પોતાના આત્મવિશ્વાસના જોરે, પોતાના બળના જોરે, પોતાની મહેનત અને પુરુષાર્થના જોરે બધું જ ભાંગેલું ભેગું કરીને પોતાના જીવનની નવી ઈમારત બનાવતા હોય છે. પોતાની આ નવસર્જન પામેલી જીવનની ઈમારત મોટેભાગે જુની ઈમારત વધારે સુંદર અને વધારે મજબૂત હોય છે.

આપણે આપણી આસપાસ નજર કરશું તો પાડોશમાં, સગા સંબંધીઓમાં, મિત્ર- વર્તુળમાં, જ્ઞાતિમાં અને સમાજમાં આપણને આ પ્રકારના ઘણાં બધા ઉદાહરણો જોવા મળશે. ઘણીબધી વ્યક્તિઓ અને એવા કુટુંબો નજરે ચડશે જેઓ ફિનિક્સ પંખીને જેમ અને 'કુસુમાગ્રજ'ના કાવ્યના નાયકની જેમ રાખ અને કાદવમાંથી ફરી પાછા બેઠા થયા હોય અને જીવનને નવપલ્લવિત કર્યુ હોય. આ પ્રકારની વ્યકિતઓ માટેનું બળ અને પ્રેરણાસ્ત્રોત હોય છે માત્ર બે જ વસ્તુ; તેમાંનું એક ઈશ્વર પ્રત્યેની અતૂટ શ્રદ્ધા અને બીજું આત્મવિશ્વાસ.

આ બન્ને પ્રકારનાં પ્રેરણાબળ, ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા અને આત્મવિશ્વાસ આંતરીક બળ છે. અંદરથી ઉત્પન્ન થયેલી ઊર્જા છે. જેને ઉત્પન્ન કરવી, ટકાવવી અને વિકસાવવી આપણા હાથમાં છે. માત્ર આપણા જ હાથમાં.

vamlani2000@yahoo.co.uk